# Visit of The Rt Hon Dominic Raab MP, Secretary of State for Foreign, Commonwealth and Development Affairs, United Kingdom to India (December 14-17, 2020)

December 15, 2020

## યુનાઈટેડ કિંગ્ડમનાં વિદેશ, કોમનવેલ્થ અને વિકાસ બાબતોનાં સેક્રેટરી ઑફ સ્ટેટ માનનીય ડોમિનિક રાબની ભારતની મુલાકાત (ડીસેમ્બર 14-17, 2020)

ડીસેમ્બર 15, 2020

1. યુનાઈટેડ કિંગ્ડમનાં ફોરેન, કોમનવેલ્થ અને વિકાસ બાબતોનાં સેક્રેટરી ઑફ સ્ટેટ માનનીય ડોમિનિક રાબ 14-17 ડીસેમ્બર 2020 સુધી ભારતની અધિકૃત મુલાકાત પર છે. શ્રીમાન રાબ મહામારીની શરૂઆતથી દ્વિપક્ષીય જોડાણ માટે ભારતની મુલાકાત લેતા પ્રથમ વિદેશ મંત્રી છે.

2. વિદેશ મંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકર દ્વારા 15 ડીસેમ્બર 2020 નાં રોજ હૈદરાબાદ હાઉસ પર દ્વિપક્ષીય વાર્તાલાપો માટે મુલાકાત લઈ રહેલા વિદેશ મંત્રીનાં યજમાન બન્યા હતા. યુકે યુરોપીયન યુનિયનમાંથી બહાર નીકળી રહ્યાનાં અને કોવિડ-અસરગ્રસ્ત વિશ્વમાં મોટા ભૂરાજકીય ફેરફારો સંદર્ભમાં, બન્ને મંત્રીઓએ વ્યાપાર અને રોકાણો, સંરક્ષણ અને સુરક્ષા, આરોગ્ય, શિક્ષણ, સંશોધન અને નવીનીકરણ, ઊર્જા અમે આબોહવાનાં ફેરફાર જેવા વિવિધ ક્ષેત્રોમાં વધારે મોટા જોડાણ માટેની વિપુલ તકોની ઓળખ કરી હતી. તેઓ ભારત-યુકે ભાગીદારીને આગલા સ્તર પર અપગ્રેડ કરવા માટેનાં મહત્વાકાંક્ષી 360 ડીગ્રી રોડમેડને અંતિમ સ્વરૂપ આપવાની પ્રાથમિકતા પર સંમત થયા હતા. જાન્યુઆરી 2021 માં યુકેનાં વડાપ્રધાનની ભારતની મુલાકાત પર આ રોડમેપ ગ્રહણ કરવામાં આવશે.

3. છેલ્લા દાયકામાં યુકે સાથેનાં દ્વિપક્ષીય વાપારમાં એકધારો વધારો થયો છે અને 2019-20 માં તે 15.48 બિલિયન યુએસ ડોલર સુધી પહોંચ્યો છે. દ્વિપક્ષીય વ્યાપાર અને આર્થિક સંબંધોની સંપૂર્ણ ક્ષમતાઓ હાંસલ કરવા માટે, બન્ને પક્ષોએ વ્યાપારનાં વ્યવહારો પરની ચર્ચાઓ અને બન્ને દિશાઓમાં વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકોનાં વધારે ઝડપી આવાગમનની સુવિધા આપી શકે તેવી વ્યાપક સ્થળાંતરણ અને આવાગમન ભાગીદારી કરવા માટે ઝડપી પ્રક્રિયાકરણની આગત્યતાની ઓળખ કરી હતી.

4. ડૉ. એસ જયશંકર અને શ્રીમાન રાબ દ્વારા પારસ્પરિક હિતનાં અનેક પ્રાંતિય તેમજ વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચાઓ યોજવામાં આવી હતી અને બહુ-ધ્રુવીય વિશ્વ અને બહુપક્ષીયતામાં શ્રદ્ધા તરફ તેઓની એકસમાન પ્રતિબદ્ધતાનું પુનઃઉચ્ચારણ કર્યું હતું. તેઓએ ઈન્ડો-પેસિફિકમાં, આતંકનાદ અને કટ્ટરવાદનો સામનો કરવા અને સાયબર, મેરિટાઈમ અને અવકાશ ક્ષેત્રોમાં ઉદ્ભવી રહેલા પડકારોને સંબોધવામાં સહકાર મજબૂત કરવાનાં માર્ગોની ખોજ કરી હતી.

5. શ્રીમાન રાબ પર્યાવરણ, જંગલો અને આબોહવાનાં ફેરફારની બાબતોનાં મંત્રી શ્રી પ્રકાશ જાવડેકર અને શિક્ષણ મંત્રી શ્રી રમેશ પોખરિયાલ સાથે દિલ્લીમાં મુલાકાત કરશે. આ પ્રવાસનાં બીજા ભાગમાં, તેઓ બેંગલુરુની મુલાકાત લેશે જ્યાં તેઓ 17 ડીસેમ્બર 2020 નાં રોજ કર્ણાટકનાં મુખ્યમંત્રીને મળશે.

**નવી દિલ્હી**
**ડીસેમ્બર 15 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.